## યૂનિવર્સીટી ઓફ કેલિફૉર્નિયા, લોસ ઍન્જીલીસ

## સંશોધન અભ્યાસમાં ભાગિદારોના

# હક્કોનું કથન

આ અધિકારો જે પણ વ્યક્તિ કોઇ તબીબી સંશોધન અભ્યાસમાં ભાગ લેશે, તેના અધિકારો છે. સંશોધન અભ્યાસમાં ભાગિદાર તરીકે મારા નીચે મુજબ અધિકારો છે:

1. મને અધિકાર છે કે મને કહેવામાં આવે કે સંશોધનથી શું કરવામાં આવે છે.

2. મને અધિકાર છે કે મને કહેવામાં આવે કે સંશોધનની કઇ પ્રક્રિયાઓ છે, દવાઓ કઇ છે, અને /અથવા ઉપકરણો કયા છે અને કે જો આ માનક આચરણમાં વપરાતા ઉપકરણોથી જુદાં છે.

3. મને અધિકાર છે કે મને કોઇ પણ જોખમો, તકલીફો અથવા આડઅસરો વિષે જાણકારી આપવામાં આવે જે સંશોધનથી પેદા થઇ શકે છે.

4. મને અધિકાર છે કે મને ભાગ લેવાથી પેદા થતા ફાયદાઓ વિષે જાણ કરવામાં આવે.

5. મને અધિકાર છે કે મને બીજા વિકલ્પો વિષે જાણ કરવામાં આવે અને કે એ સંશોધનમાં રહેવાની સરખામણીમાં વધારે સારા અથવા ખરાબ છે. આ વિકલ્પોમાં પ્રક્રિયાઓ, દવાઓ અથવા ઉપકરણો સામેલ હોઇ શકે છે.

6. મને અધિકાર છે કે મને જાણ કરવામાં આવે કે મને કયા પ્રકારની સારવાર મળશે જો સંશોધનથી કોઇ જટિલતાઓ પેદા થાય.

7. મને અધિકાર છે કે મને તક મળે કે હું સંશોધન અથવા પ્રક્રિયા વિષે સવાલ કરી શકું. હું આ સવાલો સંશોધન શરૂ થવા પહેલા અથવા કોઇ પણ સમયે કરી શકીશ.

8. મને અધિકાર છે કે હું સંશોધનનો ભાગ લેવાથી મના કરી શકીશ અથવા એને કોઇ પણ સમયે રોકી શકીશ. આ નિર્ણયથી મારી દેખભાળ પર કોઇ પણ અસર થશે નહીં અથવા કે મારા ડૉક્ટર અથવા સંસ્થા સાથેના સંબંધ પર કોઇ પણ અસર થશે નહીં.

9. મને અધિકાર છે કે મને સંશોધન માટે સહી કરેલ અને તારીખ લખેલ માહિતીગાર સંમતિ ફૉર્મની નકલ આપવામાં આવે.

10. મને અધિકાર છે કે મને કોઇ પણ દબાણ વિના નિર્ણય લેવાની તક મળે કે હું સંશોધન અભ્યાસમાં ભાગ લેવા માંગુ છું કે નહીં.

---------------------------------------------------

જો મારે કોઇ પણ સવાલ અથવા ચિંતા હશે, તો હું શોધકર્તા અથવા તેના સહાયકને પૂછી શકીશ. હું એની સાથે સંશોધનના ભાગિદારોની સુરક્ષાના કાર્યાલય (ઓપીઆરએસ) (Office of the Human Research Protection Program) નો પણ સંપર્ક કરી શકીશ, જે સંશોધનના ભાગિદારોની સુરક્ષા કરે છે. હું ઓપીઆરએસને આ નંબર 310-825-5344 પર સવારે 8:00 થી સાંજે 5:00 સુધી, સોમવારથી શુક્રવાર, કૉલ કરીને સંપર્ક કરી શકીશ. જો હું આ કાર્યાલયને ફોન કરું અને જો મને અંગ્રેજી અથવા સ્પેનિશ નથી આવડતી, તો મારે માટે કોઇ ત્યાં ઉપલબ્ધ હશે, જે ભાષાંતર કરશે. હું ઓપીઆરએસને આ સરનામાં પર લખી પણ શકું છું, 11000 Kinross Avenue, Suite 102, Box 951694, Los Angeles, CA 90095-1694.